# સે-૮ પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સે-૮ની સરકારી પ્રાથમિક શાળામાં સિનિયર સિટીજન કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા સ્વતંત્રતા પર્વ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના ૧૫ બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સિસિકાના કન્વીનર આશાબેન દોશી પૂર્વ કન્વીનર જશુબેન ઠકકર, ઈન્દુમતીબેન અમરાવતકર, કોકિલાબેન મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા મીનાક્ષીબેન જોષીએ સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે સિસિકાની બહેનો દ્વારા શાળામાં મહિલા સશકિતકરણ અંતર્ગત યોગ શિબિરનું પણ આયોજન કરાયું હતું. જેમાં ગાયત્રી પરીવારના જશુબેન ઠકકર દ્વારા યોગ નિદર્શન કરાયું હતું. શાળામાં દર સપ્તાહે બાળકોને યોગ આસનો કરાવવામાં આવે છે.

# જે.બી. પ્રાથમિક શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં તાજેતરમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ડૉ. વિક્રમ સારાભાઈની જન્મ જયંતિ નિમિત્તે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અન ગુજકોસ્ટના સંયુકત ઉપક્રમે 'એકવીસમી સદીના અંતરિક્ષમાં ભારતનું યોગદાન' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર વકતવ્યો રજૂ કર્યા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે વૈભવ મણીલાલ પરમાર, દ્વિતિય ક્રમે જીલ અરવિંદ પટેલ, તૃતીય ક્રમે રવિ દિનેશભાઈ પટેલ આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે વી.એન. પટેલ, નિવાબેન, શિવાંગભાઈ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# કલોલ નગરપાલિકા હોલ ખાતે ભારત ભાગ્ય વિધાતા નાટક ભજવાયું

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુકત ઉપક્રમે ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની વાર્ષિક ઉજવણીના ભાગ રૂપે ડો. બાબા સાહેબ આંબેડકર હોલ, પૂર્વ વિભાગ, કલોલ (જી. ગાંધીનગર) ખાતે તા. ૧૭ ઓગસ્ટ ને સોમવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકે 'ભારત ભાગ્ય વિધાતા 'નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

ENTERTAINMENT & EVENTS, અમદાવાદ દ્વારા -સ્તુત સદર નાટકના નિર્માત્રી અને દિગ્દર્શિકા નાદિયા હિમાની છે. કલાકાર તરીકે સર્વેશ્રી નાદિયા હિમાની, જયેશ અધિકારી, કોમલ નાગદેવ, રુહિન ઘોરી, દિપેશ ચૌહાણ અને યોગેશ પરમારનો અભિનય એકંદરે ખૂબ જ સુંદર અને -શંસનીય રહ્યો હતો.

ડો. બાબા સાહેબ આંબેડકરના જીવન ચરિત્ર અને યાદગાર -સંગોનું નાટયાત્મક પ્રદર્શન એકંદરે તમામ ક્ષેત્રે આકર્ષક, અભિપ્રેરક, અવિસ્મરણીય, અનુકરણીય અને આવકાર્ય બની રહ્યું હતું.

આ -સંગે કલોલના ધારાસભ્યશ્રી અશોકભાઈ , નગરપાલિકાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ બાવરીયા, નગરસેવક મિત્રો અને સામાજિક આગેવાનોની પ્રોત્સાહક ઉપસ્થિતિ નોંધપાત્ર બની રહી હતી.





શહેરનાં જાહેર રસ્તાઓ પર ગાયોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકી થઈ રહી છે. ઘણી વખત તો ઝઘડતાં ઢોરને કારણે રસ્તા પર પસાર થતા રહીશોને નુકશાન પણ થાય છે. પશુપાલન પોતાના ઢોરની ચિંતા કરતા નથી. અને નગરપાલિકા આ અંગે કંઈ કરવા માંગતી નથી. પ્રજા કહે તો કોને કહે?

(તસવીર : કશ્યપ નીમાવત)





સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે આઈઆઈટીઈ સેકટર-૧૫ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ અજબ ગજબ કરતબ બતાવી સૌને દંગ કરી દીધા હતા. સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા દેશને સન્માન આપવાનો સુંદર કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પદાધિકારીઓએ સૌને મહામુલી આઝાદીને સાચવી ઉન્નતિ પર લઈ જવા યુવાનોને હાંકલ કરી હતી.

(તસવીર : કશ્યપ નીમાવત)



# મહિલા સશકિતકરણ સંદર્ભે યોગ-વ્યાખ્યાન

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે મહિલા સશકિતકરણ નિમિત્તે ફેકલ્ટી ઓફ એજયુકેશનનાં વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા યોગ તજજ્ઞ પારૂલ ઉપાધ્યાયના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ અને તમામ અધ્યાપિકાઓએ ભાગ લીધો હતો. એક વિદ્યાર્થીની દ્વારા કાર્યક્રમમાં યોગ આધારીત નૃત્ય પ્રસ્તુત કર્યું હતું જે આકર્ષણરૂપ બન્યું હતું. કોલેજના પ્રા. વીણાબેન પટેલ અને પ્રા. જૈમિનીબેન કુલકર્ણીને રાજય સરકાર દ્વારા મહિલા સશકિતકરણ એવોર્ડ પ્રાપ્ત થયો તે સંદર્ભે તેમનું બહુમાન કરવાાં આવ્યું હતું.

# બારેજડી મેથોડિસ્ટ ચર્ચમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના બારેજડી ગામે આવેલ મેથોડિસ્ટ ચર્ચ ખાતે ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.



બારેજડી ગામે ચર્ચ ખાતે ટીવીના જાણીતા નાટય કલાકાર હસમુખ મેકવાનના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી જેમાં શાળાની નાની બાળાઓ દ્વારા સ્વાગત નૃત્ય, મહિલા મંડળ દ્વારા ગરબો રજુ કરાયો હતો. જયાર કેરોલીન ક્રિશ્ચિનય અને ઈમાનુએલ ભાઈઓએ શૌર્ય ગીત રજુ કર્યા હતા. આ પ્રસંગે હસમુખ મેકવાને પોતાના વકતવ્યમાં 'અચ્છે દિન'નો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે સહુ કોઈએ સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતના કાર્યક્રમમાં જોડાઈને શ્રમદાન આપવાનું છે તેમજ ગામની પ્રતિમાઓ બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, સ્લમ વિસ્તાર માર્ગો, સ્થળોની સફાઈ કરવાના સંકલ્પ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ચર્ચના પાસ્ટર રેવ.હર્ષદભાઈ મગનભાઈ પટેલ, યુસુફભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ ઈમાનુએલભાઈએ કરી હતી.

## મનોરંજન

| સિનેમેક્સ | સિટી પલ્સ |
|---|---|
| સ્ક્રીન-૧ | સ્ક્રીન-૧ |
| બ્રધર્સ | બ્રધર્સ |
| સવારે ૮.૦૦, ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦ | ૩.૦૦, ૬.૩૦, ૯.૪૫ |
| સ્ક્રીન-૨ | સ્ક્રીન-૨ |
| બ્રધર્સ | બ્રધર્સ |
| સવારે ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦ | ૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૧૫ |
| સ્ક્રીન-૩ | દૃશ્યમ |
| બ્રધર્સ | ૭.૦૦ |
| સવારે ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૩૦, ૧૦.૪૫ | સ્ક્રીન-૩ |
| સ્ક્રીન-૪ | મિશન ઈમ્પોસીબલ (હિન્દી) |
| મિશન ઈમ્પોસિબલ (હિન્દી) | ૫.૧૫ |
| સવારે ૧૦.૧૫, ૪.૧૦ | મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી) |
| બજરંગી ભાઈજાન | ૭.૪૫ |
| ૧.૦૦ | બ્રધર્સ |
| બાહુબલિ | સવારે ૧૧.૦૦, ૨.૦૦ |
| ૬.૫૫ | સ્ક્રીન-૪ |
| દૃશ્યમ | દૃશ્યમ |
| ૧૦.૧૫ | ૧.૦૦ |
| | બજરંગી ભાઈજાન |
| | ૪.૪૫ |
| | ગૌર હરી દાસ્તાન |
| | ૭.૩૦ |
| | બાહુબલિ |
| | ૯.૪૫ |
| | સ્ક્રીન-૫ |
| | બ્રધર્સ |
| | સવારે ૧૦.૦૦ |
| | દૃશ્યમ |
| | ૪.૦૦, ૧૦.૦૦ |

# લીંબોદરા હાઈસ્કૂલમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

લીંબોદરા સ્થિત પી.પી.આર. શાહ હાઈસ્કૂલ ખાતે ૬૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ઉત્સાહભેર કરવાાં આવી હતી. નિવૃત્ત પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ આઈ.બી. વાઘેલાએ ધ્વજ ફરકાવી ધ્વજવંદન કર્યુ હતું. શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો. આ કાર્યક્રમમાં તેમજ શાળામાં અભ્યાસ ક્ષેત્રે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

લીંબોદરા ગ્રામજનો વતી ગામના અગ્રણી આઈ.બી. વાઘેલાનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. ગામના સરપંચ હસુમતિબા વાઘેલા, તાલુકા સદસ્ય ગજેન્દ્રસિંહ વાઘેલા, સેવા સમાજના પ્રમુખ નરેશભાઈ શાહ, આચાર્ય તેજસિંહ પરમાર તથા જસવંતસિંહ ભાટી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ક્વીઝ નં. ૨




**ક્વીઝ-૧નાં સાચા જવાબ આપનાર મિત્રોનાં નામ**

**૧) પ્રવીણ કાકરેચા : સે-૭**

**૨) સતીષ પ્રજાપતિ : સે-૭**

(૧) ૨૦૧૫માં બિહારના રાજયપાલ પદે હાલ કોણે પદભાર સંભાળ્યો છે?
(ક) સુશીલસેન (ખ) ગોવિંદ ખુરાના
(ગ) રામથાન કોવિંદ (ઘ) ત્રણેમાંથી એક પણ નહિં

(૨) ૨૦૧૫માં જાહેર થયેલી ફીફા રેકીંગમાં ભારતને કેટલામું સ્થાન આપવામાં આવ્યું છે?
(ક) ૧૫૪ (ખ) ૧૫૫
(ગ) ૧૫૬ (ઘ) ૧૫૭

(૩) ૨૦૧૫ ઓગસ્ટ માસમાં આરબીઆઈ બેંકનો રેપોરેટ કેટલા ટકા નોંધાયો હતો?
(ક) ૭.૨૫ટકા (ખ) ૭.૨૦ટકા
(ગ) ૭.૩૦ટકા (ઘ) ૭.૩૫ટકા

(૪) ૨૦૧૫માં ગુજરાત રાજય કક્ષાનો ૬૬મો વન મહોત્સવ કયા સ્થળે યાજાયો હતો?
(ક) વાસદા (ખ) ઉનાઈ
(ગ) ચિખલી (ઘ) બિલિમોરા

(૫) ૨૦૧૫માં ત્રાસવાદી ઈસ્લામિક સંગઠનને ભારતમાં અટકાવવા માટે ભારત સરકારે કયું ઓપરેશન શરું કર્યુ છે?
(ક) ઓપરેશન વ્યુરચના (ખ) ઓપરેશન ચક્રવ્યુહ
(ગ) ઓપરેશનબ્લેકપાઈથન (ઘ) ઓપરેશન બ્લેક કોબરા

(૬) ૨૦૧૫માં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) ના નવા વડા તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(ક) એ. કિરણકુમાર (ખ) એસ. સાઈરીક જોસેફ
(ગ) એસ. ક્રિસ્ટોફર (ઘ) કે. માર્કન્ડેય કાત્જુ

(૭) ૨૦૧૫માં ૨૭ જુલાઈના રોજ પંજાબના કયા શહેરમાં આતંકવાદી હુમલો થયો હતો?
(ક) અમૃતસર (ખ) ગુરુદાસપુર
(ગ) સંજાતપુર (ઘ) ગોવિંદસરપુર

(૮) ૨૦૧૫માં નિધન પામનાર સ્વ. મિસાઈલમેન ડૉ. એપીજે અબ્દુલ કલામનો જન્મ કયા ગામમાં થયો હતો?
(ક) વનુષકોડી (ખ) ધનુષકોડી
(ગ) અનુષકોડી (ઘ) વિનુષકોડી


(૯) ૨૦૧૫માં પૂર્વ વડાપ્રધાન દિવંગત પી.વી. નરસિંહ રાવની સ્મૃતિ નવી દિલ્હી ખાતે કયું સમાધિ સ્થળ ઊભું કરવામાં આવ્યું છે?
(ક) શક્તિસ્થળ (ખ) મહાપ્રયાણ સ્થળ
(ગ) વીરભૂમિ સ્થળ (ઘ) એકતા સ્થળ

(૧૦) ૨૦૧૫માં મેજર ધ્યાનચંદને કયા દેશની સંસદ દ્વારા ભારત ગૌરવ સન્માન આપવામાં આવ્યું હતું?
(ક) નેપાળ સંસદ (ખ) શ્રીલંકન સંસદ
(ગ) બ્રિટીશ સંસદ (ઘ) રશિયન સંસદ

**ક્વીઝ-૧ ના જવાબ**

(૧) ઘ (૨) ગ (૩) ખ (૪) ખ (૫) ક (૬) ક (૭) ઘ (૮) ગ (૯) ક (૧૦) ગ

# ફોટોકલા એ એક એવી અદ્દ્ભૂત કલા છે જે વર્તમાનને તમારી આંખ સામે રોકી રાખે છે અને જીવંત ક્ષણને આવનારા વર્ષો માટે જકડી રાખે છે




**આજે વિશ્વ ફોટોગ્રાફી દિવસ**




ફોટોકલા એ એક એવી અદ્ભૂત કલા છે જે વર્તમાન સમયને ઈતિહાસ બનતા પહેલા થીજવી દે છે. વર્તમાનને તમારી આંખ સામે જ રોકી રાખે છે. એક જીવંત ક્ષણને આવનાર વારસો માટે જકડી રાખે છે. ભારતના ભૂતકાળની એવી કેટલીયે ક્ષણો આજે આ કલાના સથવારે જ કાગળ પર આંખ સામે વર્તમાન તરીકે જીવંત છે.

આ સંસારમાં પ્રત્યેક પ્રાણીને જન્મની સાથે જ ઈશ્વરે એક કેમેરો આપ્યો છે જેનાથી સંસારની પ્રત્યેક વસ્તુની છબિ પોતાના મગજમાં અંકિત કરે છે. આ કેમેરો છે તેની આંખ, આ દષ્ટિએ જોઈએ તો, પ્રત્યેક પ્રાણી એક ફોટોગ્રાફર છે. વિજ્ઞાનની પ્રગતિની સાથોસાથ માનવીએ પોતાની સાધન-સામગ્રી વિકસાવવાના પ્રયત્નો કર્યા અને અનેક સંશોધનોની સાથે કૃત્રિમ લેન્સનો પણ આવિષ્કાર થયો. સમયની સાથે કદમ મીલાવવા માટે આ લેન્સથી મળેલી તસ્વીરોને સ્થાયી સ્વરુપ અપાયું. આ પ્રયાસોની સફળતા આપતા દિવસોને આપેલ વિશ્વ ફોટોગ્રાફી દિવસ તરીકે મનાવીએ છીએ.

૧૯ ઓગસ્ટ એટલે વિશ્વ ફોટોગ્રાફી દિવસ. તસ્વીરકળાની શરુઆત પ્લેટ કેમેરાથી થઈ હતી. બાદમાં તેનું સ્થાન પિનહોલ કેમેરાએ લીધું હતું પણ તેની પ્રોસેસ લાંબીલચક ને કઠીન હતી તેમાંય આમુલ્ય પરિવર્તન આવતા પહેલાં બોક્સ કેમેરા આવ્યા.

૧૯ ઓગસ્ટ ૧૮૩૯ના રોજ ફોટોગ્રાફીની શરુઆત થઈ હતી, આજથી ૧૭૫ વર્ષ પહેલા દુનિયાની પહેલી તસવીર ખેંચવામાં આવી હતી. આ તસવીર કેમિસ્ટ અને ફોટોગ્રાફર રોબર્ટ કોરનિલસની હતી. તેને સૌથી પહેલી સેલ્ફી પણ કહેવામાં આવે છે. ૧૭૫ વર્ષ પહેલાં ૧૮૩૯માં ૨૦ ઓગસ્ટના રોજ ફોટોગ્રાફીની શરુઆત થઈ હતી. ૯ જાન્યુઆરી, ૧૮૩૯ના રોજ ફ્રેન્ચ એકેડેમી ઓફ સાઈન્સે ડેગુએરોટાઈપ પ્રોસેસને માન્યતા પ્રદાન કરવાની જાહેરાત કરી હતી. ૧૮૨૬ના નાઈસફોરે હેલિયોગ્રાફી તરીકે સૌથી પહેલી તસવીર ખેંચી હતી.

ફોટોગ્રાફી એક ગ્રીક શબ્દ છે જેની ઉત્પત્તિ ફોટોઝ અને ગ્રાફીન એટલે 'ખેંચવા' પરથી થઈ છે. જોસેફ નિસ્ફોર નિપ્સે અને લુઈસ દેગ્વેરે દ્વારા વિકસાવાયેલી ફોટોગ્રાફીક પ્રોસેસ દેગ્વેરીટાઈપની શોધને કારણે 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે'ના મૂળિયા નંખાયા હતા અને ૧૯મી ઓગસ્ટ ૧૮૩૯ના રોજ ફ્રાન્સની સરકારે ફોટોગ્રાફીની શોધને આવકારી પછીની પદ્ધતિ વિલિયમ ફોક્સ ટાલ્બોટ દ્વારા કાલોટાઈપની જાહેરાત ૧૯૪૧માં થઈ એવી રીતે દેગ્વેરીટાઈપ અને કાલોટાઈપ બંને સંશોધન તસ્વીરકલાની જનક હતી આ ક્ષેત્રનું જમા પાસુ કેમેરા નિરંતર બદલાતો જાય છે.

હેનરી ફોક્સ ટોલબોટે સૌથી પહેલા નેગેટિવથી પોઝિટિવ પ્રિન્ટ્સ નિકાળવાની પ્રક્રિયાને શરુ કરી હતી. ૧૮૭૯માં ડ્રાઈ પ્લેટનો આવિષ્કાર કરવામાં આવ્યો હતો જેની મદદથી ફોટો બનાવવા માટે અંધારા ઓરડાની જરુરત નથી રહી ગઈ. ૧૮૯૮માં સૌથી પહેલાં રોલ ફિલ્મ બનાવવામાં આવી, જેને એક પાદરી રેવરેંડ હન્નીબલ વિલ્લિસ્ટન ગુડવિલે બનાવી જેને ઘણા સમય સુધી પ્રયોગમાં લેવામાં આવી.

બોક્સ કેમેરામાં ૧૨૦નો રોલ ચઢતો જે બ્લેક એન્ડ વ્હાઈટ હતો તેમાં ૧૨ ફોટા જ પડતાં. સ્ટુડિયોવાળાને રોલ ડેવલોપિંગની કળાકુટ બહુ જ વસમી લાગતી. ડાર્કરુમમાં અંધારપટમાં ડીસમાં દવાને હાઈપોની બેડીસમાં સમયાંતરે પ્રોસેસ બાદ પાણીમાં ફિલ્મ ધોવાય તેમાં ટચીંગ થયા બાદ એન્લાર્જરમાં ફિલ્મ ચડાવી ફોક્સ કરી પ્રકાશ આપી કાગળને ધોતા ફિલ્મ છપાતી. પોસ્ટકાર્ડ, કેબીનેટ, ફુલ સાઈઝની પ્રિન્ટો કાઢતા લગ્નના આલ્બમ બનાવા કાળા કાગળ ઉપર ફોટાને ચોટાડતા બ્લેક એન્ડ વ્હાઈટ (શ્વેત શ્યામ) ના યુગે તો કેમેરામેનને હંફાવી દીધા તે પછી એસ.એસ.આર. કેમેરાનો જન્મ થતાં ક્રાંતિનો સૂરજ ઉગ્યો. તેમાં ૧૩ નો રોલ ચઢેને ૩૬ ફોટા પડતા ને તે કલર. આ કેમેરામાં સ્પીડ ડાયાફોર્મ સટર, ફોક્સને રોલ ચઢાવો આ બધી કલાનો જાણકાર ફોટો પાડી શકે. પ્રકાશનું જ્ઞાન મુખ્ય ભૂમિકા ભજવે છે. રોગ લાઈટ, કટલાઈટ, બેક લાઈટમાં, ફોટો પાડી શકાય કેમેરામાં લેન્સ વાઈડ, ટેલી. માઈક્રો, ઝૂમ લેન્સ ચઢાવાય કચકડાની કલા યુવાન થવા લાગી બધા જ રંગીન તસ્વીરનો 'લુત્ફ' માણવા લાગ્યા રોલ ડેવલોપીંગ અને પ્રિન્ટીંગ મશીનો આવી ગયા. રંગીન પ્રીન્ટો છપાવા લાગી સ્ટુડીયો-કે કેમેરામેન ડાર્ક રૂમની કળાકુટમાંથી મુક્ત થઈ ગયો થોડા દશકા પુરબહારમાં આ કલા ખીલી ડિજિટલ યુગના અંકુર ફુટ્યા. પ્રથમ બે મેગા પિકસલના કેમેરાએ એન્ટ્રી કરીને મેમરી કાર્ડએ કચકડાનું સ્થાન લઈ લીધું.

છબીકલા એ વિજ્ઞાન, ગણિત અને કળાનો ત્રિવેણી સંગમ છે. આ વિષયની શોધ કોઈ એક વ્યક્તિની શોધ નથી. લાંબી અને સતત ચાલતી પ્રક્રિયાને અંતે વિવિધ શોધનો સમન્વય એટલે ફોટોકળા. ફોટોગ્રાફી ક્ષેત્રે થયેલાં આવિષ્કારોથી આપણે એકબીજાની નજીક આવ્યા. એકબીજાને જાણવા, સંસ્કૃતિને સમજવા અને ઈતિહાસને સમૃદ્ધ બનાવવામાં આ આવિષ્કારોએ ખૂબ મદદ કરી. આજે આપણે સંસારના ગમે તેટલાં દૂર અંતરના જનજીવનને સચિત્ર જાણકારી ખૂબ સરળતાથી મેળવી શકીએ છીએ. આજે વ્યક્તિ પાસે એવાં સાધનો મૌજૂદ છે. જેમાં માત્ર ક્લિક કરવાથી મીનીટોમાં જ શ્રેષ્ઠત્તમ તસ્વીર મળી રહે છે.

પ્રારંભિક તબક્કામાં ચિત્રોમાં ગતિશીલતા લાવવા માટે અનેક પ્રયોગો કરવામાં આવતા હતા. જેના લીધે પરિણામે કાચની પટ્ટી ઉપર ચિત્ર અંકિત કરી એક વિશેષ ઉપકરણને સામે રાખી પાછળ ફાનસ (લાલટેન) લગાવવામાં આવતી. આ પ્રક્રિયામાં પડદા ઉપર ધૂંધળું ચિત્ર ઊપસતું હતું. છતાં પણ ફાનસ પાયાનું આધારભૂત ઉપકરણ માનવામાં આવે છે. ત્યારબાદ વૈજ્ઞાનિકોએ ફિલ્મ પ્રોજેકટરોનો વિકાસ કર્યો અને ગતિશીલ ડ્રમ અને ડિસ્ક દ્વારા પણ ચિત્રોમાં ગતિશીલતા લાવવા પ્રયત્ન કરાવામાં આવ્યો જે સફળ રહ્યો.

ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો સૂર્ય મધ્યાહને હતો ત્યારે વિશ્વમાં ફોટોગ્રાફીની શોધ થઈ તે અરસામાં જ અંગ્રેજો ફોટોકલાને ભારતમાં લઈ આવ્યા હતા. આ કલાની શોધમાં ભલે કોઈ ભારતીયોનું યોગદાન ન હોય, પણ ફોટોકલાના વિકાસમાં ભારતીયોનો મોટો ફાળો છે, ભારતની ભૂમિનું મોટું યોગદાન છે. ભારતમાં અંગ્રેજો દ્વારા રાજા-મહારાજાઓના મહેલોની છતો પણથી અવતરેલી આ કલા ખૂબ જ મોંઘી, છતાં ટૂંકાગાળામાં વધારે ખ્યાતિ મેળવતી કલા બની.

૧૮૪૦ના અરસામાં કલકત્તામાં સેમ્યુઅલ બૂર્ને ચાલર્સે શેફડે, એ.જી. રૂસેક અને શાર્નોફરે ધંધાકીય સ્ટુડિયો સ્થાપયાની નોંધ છે. ૧૮૬૦ સુધીમાં ફોટોકલા ભારતના મોટા શહેરોમાં અને લશ્કરી છાવણીઓમાં પહોંચી ગઈ હતી. જૂનાગઢ, વાંકાનેર, વડોદરા ઉપરાંત લખનૌ, બેંગલોર, જયપુર, આગ્રા જેવા અનેક રજવાડા, પાટનગરો, હિલસ્ટેશનો ઉપર લગભગ બસ્સો જેટલાં ધંધાકીય ફોટોગ્રાફરોએ ભારતીય કહી શકાય તેવી ફોટોકલાનો ઝંડો ગાડી દીધો હતો. કલકત્તાના બૂર્નેએ ૧૮૬૩માં નોંધ્યું છે કે, 'હિમાલયના થીજેલા બરફથી મદ્રાસના સળગતા દરિયા કિનારા સુધી કેમેરા જાણીતો બની ગયો છે.'

ગુજરાતના પહેલા ફોટોગ્રાફર તરીકેની સિદ્ધિ મેળવનાર 'મહતો સ્ટુડિયો' મુંબઈમાં શરુ થયો. ઈન્દોરના દિનદયાલ, આગ્રાના પ્રિયાલાલ અને શિનલાલ, બેંગ્લોરના જી.કે. વાલે, લખનૌના અલીખાન, જયપુરના રામસિંહ ભારતીય ફોટોગ્રાફર તરીકે વિશેષ નામના મેળવી ચૂક્યા છે. સવાઈ રામસિંહે તો પોતાના રાજમહેલમાં જ સ્ટુડિયો ઊભો કર્યો હતો.

થોડાક સમય પહેલાં હાઉ ટુ બીકમ અ સકસેસ ફોટોગ્રાફર વિષય પર વર્કશોપ પણ યોજાઈ હતી, જેમાં ફોટોગ્રાફર મિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અને સફળતાની વિવિધ ટેકનિક પણ જાણી હતી. 'તસવીર : અમરત્વનું કૌશલ્ય'નું વિમોચન ફોટોગ્રાફર શૈલેષ રાવલ દ્વારા તૈયાર કરવામાં આવેલા 'તસ્વીર : અમરત્વનું કૌશલ્ય' પુસ્તકનું વિમોચન હાલના વડાપ્રધાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આજની યુવા પેઢીને ફોટોગ્રાફીની એક નવી દુનિયા વિશે સરળ સમજ આપી શકે તેવી રીતે આ પુસ્તક તૈયાર કરાયું છે. આ અંગે શૈલેષ રાવલે જણાવ્યું હતું કે, 'આ પુસ્તક માટે હું છેલ્લાં ત્રણ વર્ષથી કામ કરતો હતો. ગુજરાતના જેટલા પણ જાણીતા ફોટોગ્રાફર છે અને જેઓએ ખરેખર સારું કામ કર્યું છે તેમના પ્રખ્યાત ફોટોગ્રાફ લઈને મેં આ પુસ્તક તૈયાર કર્યું છે.'